*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. : 503534

# 001(G)

**(March, 2020)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ (A, B, C, D, E) માં વહેંચાયેલું છે.
2) દરેક વિભાગના વીસ (20) ગુણ છે.
3) દરેક પ્રશ્નના અલગ-અલગ ગુણ છે. જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4) લેખન સજ્જતા - વિરામચિહ્નો, જોડણી, ભાષાશુદ્ધિ, હાંસિયા તેમજ સ્વચ્છતા અંગે વિશેષ ધ્યાન આપવાનું રહેશે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A (પદ્ય આધારિત)

**1. નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકના 1 ગુણ)** **[4]**

1) 'રામબાણ કૃતિનો કાવ્યપ્રકાર કયો છે ?
2) પ્રેમાનંદે આખ્યાનનું કથાવસ્તુ શામાંથી લીધું છે ?
3) દયારામ રચિત કઈ ગરબી તમારા અભ્યાસક્રમમાં છે ?
4) શામળદાસ મૂળદાસ સોલંકીનું ઉપનામ જણાવો.

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[4]**

1) ગોપીઓ કયો નિયમ લે છે ?
2) દાદાએ પુત્રીને શી સલાહ આપી ?
3) ગામના સજ્જનોએ શો ન્યાય કર્યો ?
4) 'વૃક્ષની માફક ડાળ ફેલાવી જુઓ' એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** **[4]**

1) 'વસ્તર વિનાની .... કેમ મો 'લાતુ' આ પંક્તિ પાછળનો કટાક્ષ સ્પષ્ટ કરો.
2) કવિ શબરીને કેમ સંભારે છે ?

4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ) [8]

1) 'અખિલ બ્રહ્માંડમાં' પદમાં નરસિંહ મહેતા પરમતત્ત્વને શી રીતે સમજાવે છે ?

અથવા

'ઉર્મિલા' ખંડકાવ્યને આધારે ઉર્મિલાનું ચરિત્ર ચિત્રણ કરો.

2) દેવોએ પ્રસન્ન થઈને નળ અને દમયંતીને કયા કયા વરદાન આપ્યા છે ?

અથવા

'પથ્થર થરથર ધ્રુજે' કાવ્યનો સાર આપો.

## વિભાગ - B (ગદ્ય આધારિત)

5. નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકના 1 ગુણ) [4]

1) 'આંસુભીનો ઉજાસ' પાઠના લેખકનું નામ લખો.

2) 'મા'ત્માના માણસ' પાઠ શેમાંથી લેવામાં આવ્યો છે ?

3) 'છેલ્લું દર્શન' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

4) ઇવાડેવ કોનું ઉપનામ છે ?

6. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 1 ગુણ) [4]

1) વિનોબા એ કયા કયા વ્રતોનું પાલન બરાબર કર્યું હતું ?

2) અમરનાથ યાત્રામાં શેનો અવરોધ વિઘ્નરૂપ છે ?

3) શ્વેતકેતુના કુળમાં શો રિવાજ હતો ?

4) ડૉ. બાબાસાહેબના જીવનની તત્ત્વત્રયી કઈ છે ?

7. નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યોમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) [4]

1) ઉછીનું માગનારની નજર કેવી હોય છે ?

2) મહારાણાએ કાશ્મીર આવવા પ્રભાશંકરને કેવી લાલચ આપી ?

8. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ) [8]

1) 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકના અંતની ચર્ચા કરો.

અથવા

ખીજડિયે ટેકરે પાઠના આધારે ભોજાનું મનોમંથન દર્શાવો.

2) અનુરુદ્ધનો ગૃહત્યાગ વાર્તાનો ધ્વનિ સ્પષ્ટ કરો.

**અથવા**

'શ્યામ રંગ સમીપે' નો આસ્વાદ કરાવો.

## વિભાગ - C

**9. નીચેના શબ્દોને સમાનાર્થી રૂપે સામસામે જોડી લખો. (કોઈપણ ચાર) (દરેકનો ½ ગુણ)** [2]

1) સમજ - અલંકાર - પ્રજ્ઞા

2) બુદ્ધિ - નરમ - પરોણો

3) કોમળ - અતિથિ - આભૂષણ

4) ઘરેણું - મતિ - મૃદુ

5) મહેમાન - અક્કલ - ડહાપણ

**10. નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (કોઈપણ ચાર) (દરેકનો ½ ગુણ)** [2]

1) એનું શરીર <u>કાબૂમાં</u> ન રહેતું.

2) મિસ પંકજમ્‌નો હું <u>મહેમાન</u> છું.

3) તે <u>અભિમાની</u> છે.

4) મને શરત <u>મંજૂર</u> છે.

5) મેનાબેન <u>ઉત્સાહમાં</u> આવી ગયા.

**11. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર) (દરેકનો ½ ગુણ)** [2]

1) પગનો ચાલવાનો અવાજ

2) ગોળ કે મહુડો ભેળવીને કેળવાયેલી તમાકું

3) જાડું ટૂંકું ધોતિયું

4) નીલા રંગનો મણિ

5) પીડા પામેલી વ્યક્તિ

12. નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો. (દરેકનો ½ ગુણ) [1]

1) ભરિયાં

2) હામ

13. નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (દરેકનો ½ ગુણ) [1]

1) દિકરો

**અથવા**

પ્રિતમ

2) પત્થરો

**અથવા**

નીબંધ

14. નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ) (દરેકનો ½ ગુણ) [3]

1) બાકી સંચામાં તડ પહેલેથી જ હશે. (વાક્યમાંથી નિપાત શોધો)

2) હરધનનું પથરાયેલું વિશાળ મેદાન······ રૂપ પલટો કરી બેઠું હતું ! (ખાલી જગ્યામાં નિપાત લખો.)

3) કાષ્ઠની પૂતળી જેવી ઊભી સ્તબ્ધ બની રહી. (વાક્યમાંથી વિશેષણ શોધો)

4) એના······ સાથીદારોનો ઠપકો પણ ખમતો. (ખાલીજગ્યામાં વિશેષણ લખો.)

5) પથ્થરો બોલે તો બોલાવી જુઓ. (વાક્યમાંથી કૃદંત શોધો)

6) પ્રભાશંકરે ······ તેને પૂછ્યું. (ખાલીજગ્યામાં યોગ્ય કૃદંત લખો)

7) બા મને જોઈને ખુશ થઈ જશે. (વાક્યમાં આપેલ કૃદંતનો પ્રકાર જણાવો)

15. નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (દરેકનો 1 ગુણ) [2]

1) ઉલાળધરાળ ન હોવું

2) વધામણી આપવી

16. નીચેના વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. [3]

1) બા એ બા ! કમાડ ખોલો હું છું હું ! (લેખનરૂઢિની દૃષ્ટિએ સુધારો)

2) મારું હૈયુ કે વિચીત્ર ઉર્મિઓથી ધફધફ થઈ ઉઠયું. (ભાષા શુદ્ધિની દૃષ્ટિએ વાક્ય સુધારો)

3) શુદ્ધ ભેંસનું દુધ પીવું જોઈએ. (વાક્યનો પદક્રમ ગોઠવો)

**અથવા**

ડોશીને અંતકાળ નજીક જાણી વૈદે તેમને કહ્યું. (વાક્યમાં પ્રત્યય સુધારો)

**17. નીચેના સંયુક્ત - સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવીને લખો. (કોઈપણ બે) (દરેકનો 1 ગુણ)** **[2]**

1) તમે તમારે મઝાથી રાજ કરો ને મનની આશાઓ સંતોષો.

2) છેલ્લી કડીમાં કવિ સુંદરીને સંબોધન કરે છે ત્યારે જ કાવ્યમાં વ્યક્તિ પ્રવેશે છે.

3) ભીમસેન અને તારામાં અઢળક બળ છે એ હું જાણું છું પણ તેથી મારી બુદ્ધિમાં શંકા લાવવાનો તમને અધિકાર નથી.

**18. નીચેના સાદા વાક્યોને સંયુક્ત - સંકુલ વાક્યોમાં ફેરવીને લખો. (કોઈપણ બે) (દરેકનો 1 ગુણ)** **[2]**

1) મિત્રો કોઈ અવિનય લાગે. મિત્રો મને ક્ષમા કરજો.

2) અમ્માને સમાચાર આપીએ. અપ્પાને સમાચાર આપીએ. એમના આશીર્વાદ લઈએ.

3) દેહાંત દંડ માણસને તત્કાળ ખતમ કરે છે. જન્મટીપની સજા માણસને ધીમે ધીમે ખતમ કરે છે.

## વિભાગ - D (અર્થગ્રહણ)

**19. નીચેના પાઠ્યેતર પદ્યના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (દરેકનો 1 ગુણ)** **[5]**

છેલ્લું
સ્ટેશન આવવાની પ્રતીક્ષામાં
બારીનો કાચ ઊંચો કરી
થાંભલા ગણ્યાં કરું છું
એક પછી એક
પ્લેટફોર્મ આવતું જાય છે
પણ એમાનું એકેય પરિચિત નથી
મને ખબર છે
છેલ્લું સ્ટેશન આવતા પહેલાં

નદી આવે છે.
લાલલીલી ઝંડીઓ ફરકે છે
પણ
રંગ ઓળખવાનું હું ભૂલી ગયો છું
ને
ભૂલી ગયો છું છેલ્લા સ્ટેશનનું નામ.

પ્રશ્નો :

1) કવિ શેની પ્રતીક્ષામાં છે ?
2) છેલ્લું સ્ટેશન આવતા પહેલા શું આવે છે ?
3) છેલ્લા સ્ટેશનની પ્રતીક્ષામાં કવિ શું ભૂલી ગયા છે ?
4) પ્રતીક્ષાની ક્ષણો કવિ કેવી રીતે પસાર કરે છે ?
5) પ્રસ્તુત કાવ્યનું શીર્ષક આપો.

**20. નીચેના પાઠ્યેતર ગદ્યખંડને આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખો. [5]**

માણસ સ્વભાવથી જ કોઈકને પૂજતો હોય છે. કેટલાક દેવ કરીને પૂજે છે, તો કેટલાક મનુષ્ય સમજતો છતાં પૂજે છે. જેને દેવ કરીને પૂજે છે, તેને પોતાની અલગ જાતિનો સમજે છે, જેને મનુષ્ય રાખી પૂજે છે, તેને પોતાનો ઓછોવત્તો આદર્શ કરીને પૂજે છે. રામ, બુદ્ધ, મહાવીર, ઈસુ વગેરેને જુદીજુદી પ્રજાના લોકો દેવ બનાવી, માનવ કરી પૂજતા આવ્યા છે. એને આદર્શ કરી, એનો જેવા થવાની હોંશ રાખી, પ્રયત્ન કરી પોતાનો અભ્યુદય સાધવો એમ નહિ, પણ એનુ નામોચ્ચારણ કરી એમાં ઉદ્ધારક શક્તિનું આરોપણ કરી, તેમાં વિશ્વાસ મૂકી પોતાનો અભ્યુદય સાધવો એ આજની આપણી રીત છે એ રીતે ઓછીવત્તી પણ અંધશ્રદ્ધા એટલે બુદ્ધિ ન ચાલે ત્યાં સુધીની જ માત્ર શ્રદ્ધાની છે, વિચાર આગળ એ ટકી શક્તિ નથી.

પ્રશ્નો :

1) માણસ કયા કયા ભાવોથી વ્યક્તિની પૂજા કરે છે ?
2) મહાન પુરુષોને જુદી જુદી પ્રજાના લોકો કઈ રીતે પૂજતા આવ્યા છે ?
3) પૂજા પાછળની આપણી આજ સુધીની રીત કઈ છે ?
4) આ રીત અંગે લેખક શું માને છે ?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

21. **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો.** [5]

આપણે મોટા પુરુષોના જીવનમાં જોઈશું તો જણાશે કે એમને દુઃખ પહોંચાડવામાં કાંઈ જ બાકી નથી. ઈસુ, સોક્રેટીશ, નરસિંહ, મીંરા, કબીર બધાને અનેક કસોટીઓમાંથી પસાર થવું પડ્યું હતું. નરસિંહ મહેતાને આખી જિંદગી ખાવાના સાંસા હતા. અને સમાજના મહેણા-ટોણા એણે કેટલાં સાંભળ્યા છે ? પણ આજે ગુજરાતમાં એના ભજનો ઘેર ઘેર ભક્તિ ભાવથી ગવાય છે સમાજ સેવકને મન આવી તાવણીમાંથી પસાર થવું હમેશાં સુખરૂપ જ હોય છે. આવા અનુભવથી તે ઘડાય છે, પાકો થાય છે તેના મન હૃદય પુષ્ટ બને છે. એ ધ્યાન રાખવાની બાબત છે કે પ્રતિષ્ઠા કોઈથી આપી શકાતી નથી એ તો કર્તવ્યપાલનમાંથી સ્વાભાવિક રીતે નીપજનારી વસ્તુ છે.

— સ્વામી વિવેકાનંદ

22. **નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો.** [5]

તે અમારું નામલેણું રાખ્યુ. "અમારી ચામડીના પગરખાં સિવડાવીએ તોય તારા ગણનું સાટું વળે એમ નથી. 'અમારે તો ઊતરતી અવસ્થાએ દીકરાના નામની દશ્ય દેવાઈ ગઈ' તી; તારો તો જેટલો ગણ માનીએ એટલો ઓછો છે. મારા વીર! પોસ્ટ માસ્તરના પત્ની બોલતાં હતા. છતે છોકરે વાંઝિયા જેવું થઈ પડ્યું તું."

## વિભાગ - E (લેખન સજ્જતા)

23. તમારા નજીકના શહેરમાં આવેલ રંગ-રસાયણના કારખાનાનું ગંદુ પાણી તમારા ગામની નદીમાં છોડી નદીને દૂષિત કરવામાં આવી રહી છે જે અંગે ઘટતી કાર્યવાહી કરવા તમારા જિલ્લાના કલેક્ટરશ્રીને અરજી કરો. [5]

24. **નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.** [5]

ધન એ સુખ પ્રાપ્તિનું સાધન છે, પણ આજે એ સાધ્ય બની ગયું છે. એને કમાવા માટે ઉદાસીનતા ન દાખવવી અને વેડફવા ઉત્સુકતા ન દાખવવી પૈસો કદાચ તમારી સગવડમાં વધારો કરે, પણ સુખ તો સંતોષથી મળશે. પૈસાને ધિક્કારવાની જરૂર નથી. તેમ તેની કદમબોસી કરવાની જરૂર નથી.

**અથવા**

નીચે આપેલ શબ્દ યાદીનો ઉપયોગ કરી એંશી (80) શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો.

C

દહેજ : સામાજિક કલંક વિશે ભાવાત્મક ગદ્યમાં લખો.

શબ્દયાદી — દહેજ પ્રથા - સામાજિક રોગ - જ્ઞાતિ બંધનો - કરિયાવર - ચીજવસ્તુઓ ભેટ - આર્થિક તંગી - અસહ્ય ત્રાસ - નિર્દોષ યુવતીઓ - આત્મહત્યા - કરુણ અંજામ - જાગૃત સ્ત્રી સંસ્થાઓ - તિલાંજલી.

25. **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

**પ્રકૃતિના સૌમ્ય - રૌદ્ર સ્વરૂપો :**

પ્રસ્તાવના - પ્રકૃતિના રમ્ય સ્વરૂપો : શરદ, વસંત, વર્ષા, પ્રકૃતિના રૌદ્ર સ્વરૂપો : અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, ભૂકંપ, સુનામી - ઉપસંહાર.

**અથવા**

**જનતા લોકશાહીનું સાચું બળ :**

પ્રસ્તાવના - લોકશાહીના સંકલ્પનો અર્થ - પ્રજા અને જનતા - લોકશાહીનું સાચુ બળ - જનતાની જવાબદારી - લોકશાહીની સફળતાના ચાર પાયા - ઉપસંહાર.

**અથવા**

**પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન :**

પ્રસ્તાવના - પ્રવાસના વિવિધ ફાયદા - પ્રત્યક્ષ જ્ઞાન - સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ - સામુહિક જીવનનો અનુભવ - સાંસ્કૃતિક વૃત્તિનો વિકાસ - ઉપસંહાર.

◆◆◆

Seat No.: | | | | | | | |

Sl. No. : 138016

# 008(G)

**(March 2020)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 56 પ્રશ્નો છે.
2) દરેક પ્રશ્ન ફરજિયાત છે.
3) પ્રશ્નપત્રમાં આંતરિક વિકલ્પ છે.
4) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
5) લેખન સજ્જતા અને ભાષાશુદ્ધિને ગુણ પ્રાધાન્ય રહેશે.

## વિભાગ - A (પદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ)** **[8]**

1) 'વીડી વાઢનારા' લોકગીતમાં વ્યક્ત થતી નાયિકાની ખુમારી.

2) 'આ રસ્તાઓ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**અથવા**

'એક સરખા દિવસ સુખના....' કાવ્યનો મર્મ સમજાવો.

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** **[6]**

3) 'બેટા ! મને પાછી જવા દે' માં વર્ણિત ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ.

4) 'વડલોને પંખીડા' ભજનકાવ્યમાં આલેખાયેલો અતૂટ સ્નેહબંધન તમારા શબ્દોમાં લખો.

**અથવા**

'ટોળાં વચ્ચે એકલતા' – સમજાવો.

■ નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) [4]

5) ગંગાસતી સિદ્ધિઓને કેવી ગણવા કહે છે ? શા માટે ?

6) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

**અથવા**

- કવિના પ્રાણ પછાડા શા માટે નાંખે છે ?

■ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો ½ ગુણ) [2]

7) ઉમા મહેશ્વરન એ કયા વિજ્ઞાનીનું જીવનચરિત્ર લખ્યું છે ?

8) 'સુંદરમ્' કોનું ઉપનામ છે ?

9) દુલાકાગે કઈ પરંપરાને જીવંતતા અર્પી છે ?

10) પાનબાઈ કોની શિષ્યા હતી ?

## વિભાગ - B (ગદ્ય આધારિત)

■ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ) [8]

11) 'સત્યવીર સોક્રેટીસ'ના આધારે સોક્રેટીસનું સાદું જીવન અને આચરણ.

12) 'કુસુમનું કઠણ તપ' પાઠના આધારે કુસુમનું ચરિત્ર ચિત્રણ.

**અથવા**

બિસ્મિલ્લાખાં ના જીવન પર તેમના મામાનો પ્રભાવ.

■ નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. (દરેકના 3 ગુણ) [9]

13) મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કઈ રીતે કરી ?

14) ચિરાયુની વાર્તા પ્રભાશંકરના જીવન સાથે શું સામ્યતા ધરાવે છે ?

15) મહાપુરુષો વિશે હેમચંદ્રની શી માન્યતા હતી ?

**અથવા**

'સાચા સુખનું સર્જન લેખકની શાળા' – એમ લેખક શા માટે કહે છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** **[6]**

16) જમનાને અખા પર શો અવિશ્વાસ આવ્યો ?

17) નિવૃત્તિ સમયે પૂંજાએ ઘરવખરીનું શું કર્યું ? શા માટે ?

**અથવા**

સાનમાર્કોના દેવળની ભવ્યતા તમારા શબ્દોમાં લખો.

18) 'ભઈ, હવે તો મારે છોરાં ઇઢોરાંને ઢોરાં ઇ છોરાં ......' સમજાવો.

**અથવા**

દયારામ કોની શરણાગતિ સ્વીકારે છે ? શા માટે ?

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર માગ્યા પ્રમાણે આપો. (દરેકનો ½ ગુણ)** **[2]**

19) 'આનંદયાત્રી' તરીકે કોણ ઓળખાય છે ?

20) 'ડાઘ' લઘુકથાના રચનાકારનું નામ આપો.

21) 'જળનગરી વેનિસ' સાહિત્યનો કયો પ્રકાર છે ?

22) 'લોહીની સગાઈ' કોની સુપ્રસિદ્ધ વાર્તા છે ?

## વિભાગ - C (વ્યાકરણ)

■ **નીચેનાં વાક્યમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય પૂરું કરી ફરીથી લખો.** **[6]**

23) આવા મોટા કુળ સ્ત્રીઓ આવું કામ શી રીતે અપાય ?

24) મૈથિલી પાણી માટલા પ્યાલા રેડ્યું.

25) નચિકેત વહેલી સવાર બગીચા દાખલ થયો.

26) એ હવેલી માલિક મહારાષ્ટ્ર તરફ ગુજરાતી હતો.

27) આશુતોષ દવાખાના જઈને સૂતો.

28) વડોદરા વાઘોડિયા ઘણું દૂર.

■ **નીચેના વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.** [3]

29) આવો શેઠ કેમ કંઈ બહુ રોકાણા

30) અહો જનોની ચિર યુદ્ધશ્રદ્ધા

31) અહીં ગંદકી કરવી નહિ કરનારને દંડ થશે

■ **નીચેનાં વાક્યોને યોગ્ય સંયોજક વડે જોડો.** [3]

32) હું પ્રધાનમંત્રી બધાં માટે સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા કરત.

33) ન્યાયાધીશ આવ્યા સર્વે તેમને નમન કરવા લાગ્યા.

34) હું જાણું છું અદિતિ સુંદર ગાય છે.

■ **નીચેનાં વાક્યને સાદા વાક્યરૂપે ફરીથી લખો.** [1]

35) જગદીશ ગાય ચારે છે અને દોહે છે.

■ **નીચેના સાદાં વાક્યને સંયુક્ત વાક્યરૂપે જોડો.** [1]

36) તમે અહીં આવશો ? સીધા બદલાપુર જશો ?

■ **નીચેના સાદાં વાક્યને સંકુલ વાક્ય રૂપે લખો.** [1]

37) વગર વિચાર્યું વર્તન કરી નાખે છે તે પાછળથી ઘણો જ પસ્તાય છે.

■ **નીચેના વાક્યોને પદક્રમ-પદસંવાદની રીતે સુધારીને ફરીથી લખો.** [2]

38) ગામમાં એક સફરજન વેચતો ફેરિયો આવ્યો.

39) વૃક્ષારોપણ કાર્યક્રમમાં એકેએક વિદ્યાર્થીઓ ભાગ લેશે.

■ માગ્યા પ્રમાણે લખો : [3]

40) समत्वं योग उच्यते ।
(ગુજરાતીમાં અનુવાદ કરો.)

41) મન હોય તો માળવે જવાય.
(અંગ્રેજીમાં અનુવાદ કરો.)

42) Winners do not do different things but they do the things differently.
(ગુજરાતીમાં અનુવાદ કરો.)

## વિભાગ - D (અર્થગ્રહણ)

■ **નીચે આપેલા કાવ્યને વાંચીને તેને આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.** [5]

"મને જો પૃથ્વીની હકૂમત મળે એક ક્ષણ તો
પહેલાં તો કાઢું વટહુકમ કે આ જ ક્ષણથી
પ્રજા મારી પંખી - મનુજ - પશુને કીટગણો
બધાને જીવ્યાનો જ હક, હણવાનો હક નથી.
દ્રુમોની ડાળીને નીડ, નગર - આવાસ ભીડમાં
વનોની ઝાડી કે ગિરિકુહરમાં, ભૂમિ ભીતરે
જહીં આબાદી ત્યાં સહુય મળી મેળા રચી રહો.
પ્રજા મારીને ના ફિકર ફરિયાદો કશીય હો.
હું પૃથ્વીનો રાજા, અવર ગ્રહ - શું વિગ્રહ નહિ.
કરારો મૈત્રીના કરું, અગર હો આક્રમણ તો,
પ્રીતિનું જેમાં ના જીતવું પણ જિતાઈ જ જવું.
સ્વ-તંત્રે વ્યક્તિના રહું વિરચી હું શાસન નવું.

પ્રજાને એવા તો સ્વનિયમનમાં બાંધી લઉં કે

પછી ના રાજા કે હકૂમતની એને જરૂર રહે !"

— ઉમાશંકર જોશી

**પ્રશ્નો :**

**43)** કવિનો પહેલો વટહુકમ કયો હશે ?

**44)** કવિના એ વટહુકમની શી અસર થશે ?

**45)** કવિ કેવા કરારો અને કેવું આક્રમણ કરવા ઇચ્છે છે ?

**46)** કવિના મતે સ્વનિયમનનું શું પરિણામ આવશે ?

**47)** કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **આપેલા ફકરાને ધ્યાનથી વાંચી તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** **[5]**

"સૌ પ્રથમ તો હું ઇચ્છું કે તમે વિચારશીલ બનો. માણસમાં વિચારવાની પ્રક્રિયા આપમેળે ચાલતી નથી. પાડોશી સાથે ગપસપ કરવી એ કાંઈ વિચાર કર્યો ન કહેવાય. બીજા કોઈએ તમને કહેલી વાતનું પુનરાવર્તન કરો ત્યારે પણ તમે વિચાર કરીને બોલ્યા છો એમ ન કહેવાય. તમે બધા મહાન વિચારકો બની જાઓ એમ હું નથી કહેતો. જો કે તમારામાંના કેટલાક બને પણ ખરા. તમે બધા વિચારતા થાઓ અને તમારી વિચારશક્તિને વિકસાવો એમ હું ઇચ્છું છું. વિચારશક્તિ કેળવવા માટે વાચન કરતાં વધારે મદદરૂપ બીજું કશું જ નથી. અલબત્ત, વાચન બુદ્ધિપૂર્વકનું હોવું જોઈએ. વાંચવાથી તમને બીજાઓના વિચારો જાણવા મળે અને બુદ્ધિપૂર્વકના તેમજ યોગ્ય વાચન પર ભાર મૂકવાથી તમે પણ વિચારતા થઈ જાઓ છો. સમાચારપત્રો વાંચવાની બાબતને હું વાચન નથી ગણતો. ગમે તે વાચન હોય પણ જો તે તમને વિચારવા માટે પ્રેરે તો જ એ ઉપયોગી વાચન ગણાય, ભલે ને પછી એ કોઈ સારી નવલકથા કેમ ન હોય ? મહાન નવલકથાઓ હર હંમેશ માણસને વિચારવાની પ્રેરણા આપે છે કારણ કે એ મહાન નવલકથાઓ એટલે મહાપુરુષોએ દોરેલા સુંદર શબ્દચિત્રો."

— જવાહરલાલ નહેરુ

પ્રશ્નો :

48) જવાહરલાલ નહેરુ શું ઇચ્છે છે ?

49) વિચારશક્તિ કેળવવા માટે શું જરૂરી છે ? તે કેવું હોવું જોઈએ ?

50) વાચનથી આપણને શો લાભ થાય છે ?

51) કયું વાચન ઉપયોગી ગણાય ?

52) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **આપેલ વિચારકણિકાની સમજૂતી આપી તેનો 100 (એક સો) શબ્દોમાં વિચાર વિસ્તાર કરો.** [5]

53) શબ્દ શબ્દ શું કરે છે શબ્દને નથી હાથપગ;
એક શબ્દ ઘાવ દે બીજો કરે ઓસડ.

**અથવા**

ઝેરનું હું અમૃત બનાવી દઉં, પણ મુજ કને;
પ્રીત મીરાંની નથી ને નથી નરસિંહનું કીર્તન.

## વિભાગ - E (લેખન)

54) તમારી શાળામાં યોજાયેલ વિજ્ઞાન પ્રદર્શનનો અહેવાલ લખો. [5]

55) નીચે આપેલા ગદ્યખંડને 1/3 ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરો. [5]

It is scarcely necessary to enlarge upon the rule that dirt must be thrown on the street. Disposal of refuse is also a science. Glass, iron, etc. should be buried deep. Twigs and sticks used for cleaning teeth should be washed, dried and used for fuel. Rags may be sold. Left over food, peelings, etc. should be buried and turned into manure. Paper can be made from rags. It is not

necessary to employ anyone to remove refuse in a village, because there is very little of it and most of it can be converted into manure. Near the village or dwellings, there should be no ditches in which water can accumulate. Mosquitoes do not breed where water is not stagnated. Where there are no mosquitoes the chances of malaria is less. At one time, water used to accumulate around Delhi. After the hollowpits were filled, mosquitoes were greatly reduced and so was malaria.

■ **નીચે આપેલ વિષય પર આશરે 250 (બસો પચાસ) શબ્દોમાં મુદ્દાઓને આધારે નિબંધ લખો.** **[10]**

**56)** ઋતુરાજ વસંત / વસંતનો વૈભવ

ઋતુઓનો રાજા - પ્રકૃતિ પર - જીવો પર અનોખો પ્રભાવ - સર્વત્ર નવ યૌવનનું છવાઈ જવું - મનુષ્ય પર નવચેતનાનું પ્રાગટ્ય - ઉત્સવો - જીવનમાં વસંત એક જ વખત - આનંદ ઉલ્લાસ - ઉપસંહાર.

**અથવા**

મોબાઈલ દૂષણ કે ભૂષણ

સંદેશા વ્યવહારનું અનોખું સાધન - વિશ્વને જોડતી કડી - સામાજિક સંબંધોની અનોખી દુનિયા - અતિ ઉપયોગી એ ગેરલાભ - સ્વાસ્થ્ય પર વિપરિત પ્રભાવ - ઉપસંહાર.

**અથવા**

માતૃપ્રેમ

માતૃદેવો ભવ - મનુષ્ય-પશુ-પંખીઓ પર મા નો સ્નેહ - ત્યાગમૂર્તિમા - જીવન સમર્પણ કરી આશીર્વાદ આપતી મા - કષ્ટ-વેદના ભૂલી - પ્રાણીઓ - પક્ષીમાં પણ માતૃપ્રેમ - ઉપસંહાર.

◆◆◆